# મેરિલેન્ડ હાઇ સ્કૂલ આકારણીઓ (અસેસમેંટ) અને તમારું બાળક



જૂન મહિનામાં, સ્ટેટ બોર્ડ ઑફ એડ્યુકેશને ચુકાદો આપ્યો કે 2009 ના વર્ગથી શરૂ કરીને, બધા મેરિલેન્ડ વિદ્યાર્થીઓએ સ્નાતક થવા માટે હાઇ સ્કૂલ આકારણીઓમાં પાસ થવું અનિવાર્ય છે. આના પરના સવાલો અને જવાબો તેમજ આગળના થોડાં પાનાં આ પરીક્ષા કાર્યક્રમ વિશે અને એ તમારા બાળકને કેવી રીતે અસર કરે છે એ સમજાવે છે. જો તમને તમારા સવાલોના જવાબો અહિં ન મળે, તો મદદ માટે તમારા બાળકના શિક્ષકને અથવા આચાર્યને પૂછો. આ ઉપરાંત, મેરિલેન્ડ ડિપાર્ટમેન્ટ ઑફ એડ્યુકેશનનું વેબ પેજ—www.MarylandPublicSchools.org—માહિતી માટે એક સારો સ્રોત છે.

## મેરિલેન્ડ હાઇ સ્કૂલ આકારણીઓ શું છે?

ઉચ્ચ શાળા આકારણીઓ, અથવા HSA ચાર કસોટીઓ છે—અંગ્રેજી 10, બીજગણિત/માહિતી પૃથ્થકરણ, જીવશાસ્ત્ર, અને સરકાર એ દરેક વિષયમાં એક. તમારું બાળક જેમ અભ્યાસક્રમ પૂરો કરશે એમ દરેક કસોટી દેશે. કસોટી બહુવિધ પસંદગી તેમજ લેખિત-પ્રત્યુત્તર એમ બંને પ્રકારના સવાલો ધરાવે છે.

HSA તમારું બાળક એક અભ્યાસક્રમમાં જે કાંઇ શીખે છે એ બધાની કસોટી ન લેતી હોવાથી, સંપૂર્ણ અભ્યાસક્રમ વિષયવસ્તુ માટે તમારે તમારા બાળકના શિક્ષકનો સંપર્ક કરવો જોઇએ.

## હું નમૂના કસોટી પ્રશ્નો ક્યાં જોઇ શકું છું?

દરેક વર્ષે મેરિલેન્ડ ડિપાર્ટમેન્ટ ઑફ એક્યુકેશન દર વિષયની એક આકારણી જનતા સમક્ષ જાહેર કરે છે. આ કસોટીઓની સમીક્ષા કરવા, અથવા ઑનલાઇન દેખવા માટે, www.MarylandPublicSchools.org ની મુલાકાત લો. Testing/High School Assessment/HSA Test Items પર ક્લિક કરો. (અંગ્રેજી 10 આકારણીઓ, ફાલ 2005 સુધીમાં બતાવી જોઇએ.)

આગળના પાને ચાલુ

***www.MarylandPublicSchools.org***



મેરિલેન્ડ હાઇ સ્કૂલ સ્નાતક જરૂરિયાતો દેખાડતું પોસ્ટર જોવા માટે આ પત્ર

**ખોલો**



MARYLAND STATE DEPARTMENT OF EDUCATION
Achievement Matters Most



## શું સ્નાતક થવા માટે મારા બાળકે HSA માં પાસ થવું જરૂરી છે?

આ સવાલનો જવાબ તમારું બાળક ક્યારે સ્નાતક થશે એના પર નિર્ભર કરે છે.

### 2009 પહેલાં સ્નાતક થનારા વિદ્યાર્થીઓ

ના. 2009 પહેલાં હાઇ સ્કૂલમાંથી સ્નાતક થનારા વિદ્યાર્થીઓએ સ્નાતક થવા માટે HSA માં પાસ થવું અનિવાર્ય નથી. પરંતુ, તેમણે કસોટીઓ દેવી જરૂરી છે, અને તેમનાં ગુણાંકો તેમની હાઇ સ્કૂલ ટ્રાન્સક્રિપ્ટ પર જણાવાશે જેથી એ ભાવિ નિયોક્તાઓ અને કૉલેજ અધિકારીઓને તેમને નોકરી દેવા અને પ્રવેશ દેવા સંબંધી નિર્ણયો લેવામાં ઉપયોગી થઇ પડે.

### 2009માં કે ત્યારબાદ સ્નાતક થનારા વિદ્યાર્થીઓ

હા. 2009માં કે ત્યારબાદ હાઇ સ્કૂલમાંથી સ્નાતક થનારા વિદ્યાર્થીઓને સ્નાતક થવા માટે HSA માં પાસ થવું અનિવાર્ય છે. આ કરવા માટેના અમુક માર્ગો છે:

- બધી ચાર HSA માં પાસ થાઓ. ઉત્તીર્ણ થવા માટેના ગુણાંકો છે: બીજગણિત/માહિતી પૃથ્થકરણ, 412; સરકાર 394; અને જીવશાસ્ત્ર, 400. અંગ્રેજી 10 માટેના ઉત્તીર્ણ થવા માટેના ગુણાંકો ફાલ 2005 માં સ્થાપવામાં આવશે.

**અથવા**

- રાજ્ય-માન્ય અંગ્રેજી કસોટીઓમાં પાસ થવા જરૂરી ગુણાંકો પ્રાપ્ત કરો અને એમાંના એક કે વધુ ગુણાંકોની HSA માં પાસ થવા જરૂરી ગુણાંકો સાથે બદલી કરો. રાજ્યે હજી સ્વીકાર્ય અવેજી કસોટીઓ પસંદ નથી કરી, પરંતુ સંભવિત કસોટીઓમાં એડવાન્સ્ડ પ્લેસમેન્ટ અને ઇન્ટરનેશનલ બૅકાલૉરેટ સામેલ છે.

**અથવા**

- દરેક કસોટીમાં લઘુતમ ગુણાંક મેળવો અને ચાર HSA માં ઉત્તીર્ણ થવા માટેના ગુણાંકોના સરવાળા જેટલા એકત્રિત ગુણાંકો મેળવો. સ્ટેટ બોર્ડ ઑફ એડ્યુકેશને હજી લઘુતમ ગુણાંકો સ્થાપિત નથી કર્યા, પરંતુ તે પાસ થવા જરૂરી ગુણાંકો કરતાં ઓછા હશે. કુલ-ગુણાંક પર્યાય તમારા બાળકે એક કસોટીમાં મેળવેલા ઓછા ગુણાંકોને અન્યમાં મેળવેલા વધુ ગુણાંકો વડે સરભર કરી દે છે.

બધા વિદ્યાર્થીઓએ—2009 પહેલાં કે પછી સ્નાતક થનારા—રાજ્યની ક્રેડિટ, સેવા-શિક્ષણ, અને હાજરી જરૂરિયાતો **તેમજ તમારા શાળા જિલ્લા દ્વારા નિર્ધારિત કરવામાં આવેલી બધી જરૂરિયાતો** પૂરી પાડવી અનિવાર્ય છે. મેરિલેન્ડની સ્નાતક જરૂરિયાતો જોવા માટે આ પત્ર ખોલો.

## મારું બાળક માધ્યમિક શાળામાં છે, પણ હમણાં બીજગણિત લીધું છે. શું તેણે/તેણીએ સ્નાતક થવા માટે બીજગણિત HSA માં પાસ થવું અનિવાર્ય છે?

હા. વિદ્યાર્થીઓ અભ્યાસક્રમ પૂરો કર્યા બાદ દરેક HSA દે છે. જો તમારું બાળક માધ્યમિક શાળામાં હોય પણ ઉચ્ચ-શાળા-સ્તરનો અભ્યાસક્રમ લીધો હોય - મોટા ભાગે આ બીજગણિત સાથે થાય છે - તો તેણે કે તેણીએ સ્નાતક થવા માટે ઉચિત HSA માં પાસ થવું અનિવાર્ય છે. વિદ્યાર્થી જેટલી જલ્દી HSA લે છે, એમાં પાસ થવા માટે એને એટલી વધુ તકો મળે છે.

## શું મારા બાળકે હજી મેરિલેન્ડ ફંક્શનલ કસોટીઓમાં પાસ થવું અનિવાર્ય છે?

ના. HSA કસોટીઓ મેરિલેન્ડ ફંક્શનલ કસોટીઓની બદલીમાં છે. ફંક્શનલ કસોટીઓમાં પાસ થવું અનિવાર્ય હોય એવું વિદ્યાર્થીઓનું છેલ્લું જૂથ 2004 માં સ્નાતક થયેલો વર્ગ હતો. પરંતુ, ઘણી વાર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની પણ ફંક્શનલ કસોટીઓ લેવામાં આવતી હતી, આથી કદાચ તમારા બાળકે એ બંધ થતા પહેલા આપી હશે.

1980 માં મૂળભૂત આવડતો માપવા માટે ફંક્શનલ કસોટીઓ બનાવવામાં આવી હતી. પરંતુ એ સ્પષ્ટ છે કે જીવનમાં સફળતા માટે મૂળભૂત આવડતોના કૌશલ્ય કરતા બીજુ પણ ઘણુ જરૂરી છે. કૉલેજો

# રાજ્ય અભ્યાસ કસોટીઓ અને ઑનલાઇન અભ્યાસક્રમ વિકસાવી રહ્યું છે.

અને નિયોક્તાઓ વિદ્યાર્થીઓ પાસેથી અગાઉ કરતા ઘણું વધુ જ્ઞાન હોવાની અને ઘણું વધુ કરવા માટે સમર્થ હોવાની અપેક્ષા રાખે છે. જાહેર શાળાઓએ સ્નાતકોને આ ઉચ્ચ અપેક્ષાઓ માટે તૈયાર કરવા જરૂરી છે, અને એ તૈયારી માટે HSA એક મહત્ત્વનો ભાગ છે.

## હું મારા બાળકના ગુણાંકો ક્યારે જોઇ શકીશ?

કસોટી દીધા બાદ અંદાજે નવ અઠવાડિયા પછી, રાજ્ય બધા વિદ્યાર્થીઓના ગુણાંકો તેમના શાળા જિલ્લાને મોકલશે. ત્યારબાદ શાળા જિલ્લા વાલીઓને આ ગુણાંકો મોકલશે.

## મારા બાળકે HSA માટે કેવી રીતે તૈયારી કરવી જોઇએ?

સામાન્ય વર્ગ કસોટીઓમાં જે પ્રવૃત્તિઓ ગ્રેડ અને ગુણાંકો સુધારે છે—અભ્યાસક્રમ અને ઘરકામ પૂરા કરવા, વર્ગમાં ભાગ લેવો, મહેનત કરવી—એજ પ્રવૃત્તિઓ HSA માટે વિદ્યાર્થીઓને કામમાં આવશે. HSA માટે તૈયારી કરવાના અન્ય માર્ગો નીચે જણાવ્યા છે.

### વ્યવસ્થા અને ભણવાની આવડતો પર ધ્યાન આપો.

HSA પૂરા અભ્યાસક્રમની વિષયવસ્તુ આવરે છે, આથી વિદ્યાર્થીઓએ તેમની પૂરા વરસની નોંધ વ્યવસ્થિત રાખવી જોઇએ અને દરેક યુનિટમાં આવરેલી વિષયવસ્તુની સમીક્ષા કરવી જોઇએ.

### લેખન આવડતો ચમકાવો.

HSA નો અમુક ભાગ લેખિત પ્રત્યુત્તર માંગે છે. આ ઉપરાંત, સ્નાતક થયા બાદ વિદ્યાર્થીઓની જે કાંઇ યોજના હોય, તેમણે સારું કેવી રીતે લખવું એ જાણતા હોવું જરૂરી હશે.

### સમયનું ધ્યાનપૂર્વક નિયમન કરો.

એક અભ્યાસ મુજબ સારી સમય-નિયમન આવડતોના પરિણામે, SAT ગુણાંકો કરતાં પણ, સારા ગ્રેડ્સ કૉલેજમાં મળયા હતા.

### મેરિલૅન્ડ શાળા આકારણીને ગંભીરતાથી લો.

ગ્રેડ્સ 3-8 અને ગ્રેડ 10 માં લેવામાં આવતી મેરિલૅન્ડ શાળા આકારણી, HSA માટેનો સારો મહાવરો છે.

## જો મારું બાળક એક કે વધુ કસોટીઓમાં પાસ નહિ થાય તો?

જો તમારું બાળક HSAમાં ઉત્તીર્ણ ન થાય, તો તેના કે તેણીના શિક્ષકનો સંપર્ક કરો, જે તમને તમારું બાળક એ વિષયમાં વધારાની મદદ કેવી રીતે મેળવી શકે છે એ સમજાવશે. એક વાર તમારું બાળક વિષયવસ્તુની સમીક્ષા કરી લે અને વધારાની મદદ મેળવી લે, પછી એ બીજી વાર જ્યારે લેવામાં આવે ત્યારે HSA દઇ શકે છે. (વિદ્યાર્થીઓ વર્ષમાં ત્રણ વાર પુન:કસોટી દઇ શકે છે. જાન્યુઆરીમાં, મેમાં અને ઉનાળામાં.)

રાજ્ય એવી અભ્યાસ કસોટીઓ બનાવી રહ્યું છે જે શાળા જિલ્લાઓને જેમને વધારાની મદદ જરૂરી હોય એવા વિદ્યાર્થીઓ ઓળખવામાં મદદ કરે. જિલ્લાઓ ત્યાર બાદ એ મદદ વિદ્યાર્થીઓને પૂરી પાડી શકે છે—તેઓ HSAમાં નાપાસ થાય એ પહેલાં. આ ઉપરાંત, રાજ્ય વિદ્યાર્થીઓને કસોટીની તૈયારી કરવા માટે

*આગળના પાના પર ચાલુ*



# મેરિલેન્ડ હાઇ સ્કૂલ આકારણીઓ વિશે વધુ માહિતી માટે

## www.MarylandPublicSchools.org

પૃષ્ઠના ટોચ પરના કસોટી મેન્યૂમાંથી ઉચ્ચ શાળા આકારણી પસંદ કરો.

મદદરૂપ ઑનલાઇન અભ્યાસક્રમ પણ બનાવી રહ્યું છે. આ અભ્યાસક્રમો સપ્ટેમ્બર 2005 થી ઉપલબ્ધ થવાની સંભાવના છે.

### જો મારું બાળક કસોટી દરમિયાન ગેરહાજર હોય તો?

નિયમિત HSA કસોટી દરમિયાન ગેરહાજર રહેલાં વિદ્યાર્થીઓ નિર્ધારિત અન્ય દિવસોમાંના એકાદ દિવસે કસોટી આપી શકે છે. (તમારા બાળકના શિક્ષક કે આચાર્ય એ ક્યારે છે એ જણાવશે.) જો તમારું બાળક બીમાર ન હોય, તો તેણે કે તેણીએ કસોટી દરમિયાન શાળામાં આવવાની બનતી બધી કોશિશ કરવી જોઇએ.

### શું અસમર્થતા ધરાવતા વિદ્યાર્થીઓએ સ્નાતક થવા માટે HSA માં પાસ થવું અનિવાર્ય છે?

2009 ના વર્ગથી શરુ કરીને, બધા વિદ્યાર્થીઓએ—વિશેષ શિક્ષણમાંના વિદ્યાર્થીઓ સહિત—ડિપ્લોમા સાથે સ્નાતક થવા માટે HSA માં પાસ થવું અનિવાર્ય છે. આ સમયે કોઇ વૈકલ્પિક સ્નાતક કસોટીઓ નથી. પરંતુ, આ ફૉલમાં એક કાર્ય સમિતિ પરંપરાગત કસોટીઓ આપવામાં તકલીફ અનુભવતા અસમર્થતા ધરાવતા વિધાથીઓ માટે વૈકલ્પિક આકારણીઓ કેવી રીતે પૂરી પાડી શકાય એ શોધવાનું શરુ કરશે. વૈકલ્પિક આકરણી HSA સમાન વિષયવસ્તુ જ આવરશે, પરંતુ ખાસ કરીને અસમર્થતા ધરાવતા વિદ્યાર્થીઓને મદદરૂપ હશે. કાર્ય સમિતિની ભલામણો ફૉલ 2007 સુધીમાં મળી જશે.

ઘણા વિશેષ શિક્ષણ વિદ્યાર્થીઓ વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમ (IEP) ધરાવે છે જેમાં સૂચના અને કસોટી દરમિયાન તેમને જરુરી સવલતોનો અહેવાલ હોય છે. મેરિલેન્ડ ડિપાર્ટમેન્ટ ઑફ એડ્યુકેશન શિક્ષકોને રાજ્ય કસોટીઓમાં સવલતો સંબંધિત નિર્ણયો લેવામાં મદદ કરવા માટે એક પુસ્તિકા પ્રકાશિત કરે છે. આ પુસ્તિકા, *મેરિલેન્ડ આકારણી કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓને સવલતો, છૂટછાટ, અને માફી આપવા માટેની જરુરિયાતો, (Requirements for Accommodating, Excusing, and Exempting Students in Maryland Assessment Programs)* www.MarylandPublicSchools.org વેબ સાઇટ પર ઉપલબ્ધ છે. [વિભાગો/વિશેષ શિક્ષણ અને વહેલી દખલ/પ્રકાશનો અને અહેવાલો (Divisions/Special Education and Early Intervention/Publications and Reports) પર ક્લિક કરો।] તમારા બાળકના શિક્ષક કે આચાર્ય રાજ્ય કસોટીઓમાં કઇ સવલતોને મંજૂરી છે એ વિશે પણ જણાવી શકે છે.

બહુ જ થોડા પ્રમાણના સખત અસમર્થતા ધરાવતા વિદ્યાર્થીઓ કદાચ ડિપ્લોમાની જગ્યાએ સર્ટિફિકેટ ઑફ પ્રોગ્રામ કમ્પ્લીશન મેળવી શકે છે. અસમર્થતા ધરાવતા બાળકો માટે સર્ટિફિકેટ ઑફ પ્રોગ્રામ કમ્પ્લીશન ઘણા વર્ષોથી ઉપલબ્ધ છે અને એ મેરિલેન્ડની હાઇ સ્કૂલ સ્નાતક નીતિમાં હાલમાં કરાયેલી ફેરબદલને પરિણામે નથી.

જો તમને તમારા બાળક કે તેના કે તેણીના અભ્યાસ કાર્યક્રમ વિશે વિશિષ્ટ સવાલો પૂછવા હોય, તો તમારા બાળકના શિક્ષક કે IEP જૂથનો સંપર્ક કરો. ■


## મેરિલેન્ડ હાઇ સ્કૂલ આકારણીઓ અને *તમારું બાળક*

ઓફિસ ઓફ એકેડેમિક પોલિસી

Ronald A. Peiffer
ડેપ્યુટી સ્ટેટ સુપ્રિન્ટેન્ડેન્ટ

Edward L. Root
પ્રેસિડેન્ટ, સ્ટેટ બોર્ડ ઑફ એડ્યુકેશન

Nancy S. Grasmick
સેક્રેટરી ટ્રેઝરર ઑફ ધી બોર્ડ,
સ્ટેટ સુપ્રિન્ટેન્ડેન્ટ ઑફ સ્કૂલ્સ

Robert L. Ehrlich, Jr, ગવર્નર



Maryland State Department of Education • 200 West Baltimore Street • Baltimore, Maryland 21201-2595
ફોન: 410.767.0600 અથવા 888.246.0016 • TTY/TDD (બહેરા અને સાંભળવામાં તકલીફવાળા માટે): 410.333.3045
• ફેક્સ: 410.333.2275 • www.MarylandPublicSchools.org